હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હું ખાતેદાર તરીકે જાણવા આવ્યો છું કે તમારી બેંકમાં વાઈરસ તો નથી આવ્યો ને...??

હું કોંગ્રેસમાં છું અને કોંગ્રેસમાં જ રહીશ : શંકરસિંહ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત કોંગ્રેસમાં વિધાનસભાની ચૂંટણી અગાઉ મુખ્યમંત્રીપદના ઉમેદવારની જાહેરાત અંગે હાઈકમાન્ડ દ્વારા કોઈ ફોડ ન પડાતા કોંગ્રેસની આંતરિક ખાઈ વધુ ઉંડી બની રહી છે. પ્રદેશ કોંગ્રેસમાં દિનપ્રતિદિન કથળતી જુથબંધીમાં સાયબર સેલની બેઠક દરમ્યાન જ વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ટ્વિટર પર કોંગ્રેસ કોંગ્રેસ પક્ષ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સહિતના અગ્રણી નેતાઓને અનફોલો કરી દીધા છે. શંકરસિંહ બાપુનો રોષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. તેમની ધીરજ હવે ખુટી ગઈ છે. બાપુએ બાયડની સભામાં એમ કહ્યું હતું કે, ચૂંટણીઓ તો બહું લડ્યા હવે તો જનતાની સેવા ક્યાથી કરવી તે નક્કી કરવાનું છે. શંકરસિંહ વાઘેલાએ આડકતરી રીતે કોંગ્રેસ હાઈકમાન્ડ સાથેની નારાજગી આ રીતે રજુ કરી હતી. વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ટ્વિટર પરથી ભાજપ અને મોદી સરકાર પરથી ટિકાત્મક પોસ્ટ ટ્વિટર

એકાઉન્ટમાંથી ડીલીટ કરી હતી. રાજકીય વર્તુળોમાં ચર્ચા હતી કે શું બાપુ હવે રાજકીય નિવૃત્તિ લઈ લેશે, કે પછી ભાજપ સાથે જોડાશે. કોંગ્રેસ રાહુલને અનફોલો કરવા પર વાઘેલાની પ્રતિક્રિયા આપતા પોતાના આ પગલાં વિશે એક પ્રેસ કોન્ફરન્સ બોલાવીને કેટલીક સ્પષ્ટતાઓ કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ગેરસમજણ ન થાય તે માટે અનફોલો કર્યા, મારા તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ માટે ઝીરો ફોલોઈંગ મારી જાતે કરવાનો નિર્ણય લઈને તેમ કર્યું છે. હું કોંગ્રેસમાં જ છું, કોઈ સાથે મારે અણબનાવ નથી, અહેમદ પટેલ સીએમ તરીકે ગુજરાત નહીં આવે હું મુખ્યપ્રધાનની હરીફાઈના ચક્કરમાં નથી, રાજકીય જીવનમાં ક્યારેય નિવૃત્તિ જેવું હોય નથી. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા શંકરસિંહ વાઘેલાને ગુજરાતમાં સીએમ પદના ઉમેદવાર જાહેર ન કર્યા. પ્રદેશ કોંગ્રેસના ધારાસભ્યોની રજુઆત અને માંગ પછી પણ કોંગ્રેસ હાઈકમાન્ડ ચુપ રહ્યું છે. પ્રદેશ પ્રભારી પદે નિમાયેલા અશોક ગેહલોત પણ ગંભીરતાથી કોંગ્રેસ હાઈકમાન્ડ સુધી આ વાત પહોંચાડવા ખાતરી આપી હતી.

ચાંદખેડા જી.ટી.યુ. કેમ્પસમાં હોસ્ટેલ માટે બે નવા બિલ્ડીંગો બનશે

કુમાર અને કન્યા છાત્રાલય માટે ૧૩ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૧૫

ચાંદખેડાજી ટી યુ કેમ્પસમાં ૧૩ કરોડના ખર્ચે કન્યા અને કુમાર માટે નવી હોસ્ટેલ બનશે. આ હોસ્ટેલનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે. આગામી એક વર્ષમાં બે અને ત્રણ મજલાના નવા બિલ્ડીંગનુ કામ પુર્ણ કરી દેવાશે.

ચાંદખેડામાં સ્થિત ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીના કોલેજ કેમ્પસમાં નવા બે બિલ્ડીગો બનાવવા માટે સંસ્થા દ્વારા અગાઉ માર્ગ મકાન વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જેના અનુસંધાને વિભાગ દ્વારા આ કાર્યયોજનાને હાથ ધરવા માટે ગતિવિધિઓ આરંભી દેવાઈ છે. તંત્રના જણાંવ્યા મુજબ જી ટી યુ કેમ્પસમાં નવા બે બિલ્ડીગો બાંધવા માટે આયોજન કરી દેવાયુ છે. જેમાં ચાંદખેડા સ્થિત આ કેમ્પસમાં બોયઝ એન્ડ ગર્લ્સ હોસ્ટેલ માટે નવી હોસ્ટેલ બાંધવા માટે કામ હાથ ધરાશે. કુમાર હોસ્ટેલનુ બિલ્ડીંગ ચાર મજલાનુ બનાવાશે. જયારે કન્યા માટે ત્રણ માળનુ હોસ્ટેલ બિલ્ડીંગનુ નિર્માણ કરાશે. આ બન્ને હોસ્ટેલ બિલ્ડીંગમાં સઘળી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે મુજબની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. અધ્યતન હોસ્ટેલ બિલ્ડીંગ બાંધવા માટે અંદાજિત રૂ ૧૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી દેવાઈ છે. જયારે ટુંકમાં જ હોસ્ટેલના બિલ્ડીંગનુ બાંધકામ શરૂ કરી દેવાશે. આ કામગીરી પુર્ણ થતા એક વર્ષ જેટલો સમય લાગશે.

ખેડૂતોના પાકને ભૂંડ-રોઝડાથી થતું નુકશાન અટકાવવા

ખેતરો ફરતે કાંટાળા તારની વાડ બનાવવા ૨૦૦ કરોડની ફાળવણી

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની જીવદયા પ્રેમી સંસ્કૃતિને ઊજાગર કરતો એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ભૂંડ-રોઝડાને વર્મીન જાહેર કરવાની તથા તેના શિકાર-રંજાડ વગેરેની છૂટ આપવા વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે પરિશિષ્ટ-૫માં મૂકવા ભારત સરકારમાં કરેલ દરખાસ્ત પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, ગુજરાતમાં ૧૭ જિલ્લાઓ કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, મોરબી, બોટાદ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, ખેડા અને વડોદરામાં રોઝડા-નીલગાય વિશેષ પ્રમાણમાં છે.

રાજયમાં હાલ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે રોઝડા-નીલગાયને પરિશિષ્ટ-૩માં મુકવામાં આવેલ છે, જેથી આ વન્યપ્રાણીના શિકાર, રંજાડ વગેરે પર પ્રતિબંધ છે અને આવી પ્રવૃત્તિ કરનારા સામે શિક્ષાત્મક કાર્યવાહી પણ થઇ શકે છે.

આવા રોઝડા-નીલગાય-ભૂંડ દ્વારા ખેતી પાકોને થતું નુકશાન અટકાવવા રાજ્ય સરકારે ખેતરોની ફરતે વાયર ફેન્સીંગ બનાવવાની યોજના શરૂ કરી છે. આ યોજનામાં રાજ્ય સરકારે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ સાથે ૯૭.૫૦ લાખ રનીંગ મીટર ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવા સચોટ આયોજન કર્યુ છે. તેથી પાકના રક્ષણ માટે રોઝડાનો શિકાર હવે જરૂરી રહે તો નથી. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળેલી સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની બેઠકમાં આ બાબતો અંગે વિશદ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

તાલુકાના ડભોડા ખાતે ડામર રોડનું ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે ૨.૫ કિમીના ડામરરોડનું ખાતમુહૂર્ત (જોગણીમાતાના મંદિરથી વગદી તળાવ) કાર્યક્રમમાં નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્યના વરદહસ્તે યોજાયો હતો. આ પ્રસંગે શંભુજી ઠાકોર, ઉપાધ્યક્ષ, ગુ. વિધાનસભા નિર્મલાબેન વાઘવાણી, (ભા.રા.ક.મંત્રી), ભરતસિંહ ડાભી (સંસદીય સચિવ) તથા અતિથિવિશેષશ્રીઓ, ડભોડા હનુમાન મંદિર ટ્રસ્ટીઓ, સરપંચ તથા ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આજુબાજુ ગામોના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે સરકારની વિકાસની યશગાથાઓને દોહરાવી પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ. આ પ્રસંગે ડભોડા હનુમાનજી મંદિર ટ્રસ્ટ દ્વારા બનાવેલુ કન્યાશાળા ખાતે પરબનું લોકાર્પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

સરઢવ પ્રગતિ મંડળ અમદાવાદ દ્વારા નોટબુક ચોપડા વિતરણ કરાશે

અમદાવાદ, તા. ૧૫

સરઢવ પ્રગતિ મંડળ અમદાવાદ દ્વારા સરસ્વતી વેદના યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને ઈનામ અને નોટબુકનું વિતરણ કરવામાં આવશે. વર્ષ ૨૦૧૭ નોટનું વિતરણ તા. ૧૦-૫-૧૭ થી ૩૧-૫-૧૭ સુધીમાં દર્શાવેલા સંપર્ક નંબર પરથી મેળવી શકાશે. ફોર્મ સાથે માર્કસીટની નકલ પણ આપવાની રહેશે.

સરઢવ પ્રગતિ મંડળ અમદાવાદ દ્વારા સરસ્વતી વેદના યોજના અંતર્ગત આગામી ૧૦-૫-૧૭ થી ૩૧-૫-૧૭ સુધીમાં ઈનામો નોટનું વિતરણ કરવામાં આવશે. સાથે નોટબુક મેળવવા માટે સાંજે ૪ થી ૭ દરમ્યાન વિતરણ કરવામાં આવશે. પટેલ ઉર્મિલ જી. ૨૩ નિત્યનંદીની વિભાગ-૧ નાલંદા સ્કૂલની સામે, ઘાટલોડીયા (મો. નં. ૯૦૯૯૮ ૮૩૫૩૩), અરવિંદભાઈ- ૧, ઈન્દ્રજ્યોત સોસાયટી કામેશ્વર મહાદેવની સામે અંકુર રોડ નારણપુરા (મો. નં. ૯૩૨૭૦ ૦૪૨૪૦), પટેલ રાજેશભાઈ ગોવિંદભાઈ-૧૭, યશવિજય સોસાયટી, ભારવી ટાવરની બાજુમાં ને.હા.૮, અમરાઈવાડી (મો. નં. ૯૮૭૯૦૩૨૮૩૯, પટેલ જયંતીભાઈ એમ.- ૧૪ રાષ્ટ્રદીપ સોસાયટી, બાલકૃષ્ણ મંદિર સામે રાણીપ (મો. ૯૯૭૮૯૬૫૪૦) સંપર્ક કરી વધુ માહિતી મેળવી શકાશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

શહેરમાં સેનવા-રાવત સમાજનો સમુહલગ્નોત્સવ ધામધુમથી સંપન્ન

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહીને ૪૩ નવયુગલોને સુખી જીવનની શુભેચ્છાઓ પાઠવી

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા આયોજીત ૧૬મો સમુહ લગ્નોત્સવ આજરોજ સેકટર-૬ પેટ્રોલપંપ પાસેના મેદાન ખાતે રંગેચંગે યોજાયો હતો. આ સમુહ લગ્નોત્સવમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહીને ૪૩ નવયુગલોને નવજીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે નવયુગલોએ મુખ્યમંત્રી અને સમાજના હજજારો ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં બેટી બચાવો ની પ્રતિજ્ઞા લીધી હતી.

ગાંધીનગર શહેરના સેકટર-૬ મેદાન ખાતે ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા ૧૬મો સમુહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં સવારે ૭.૩૦ કલાકે ગણેશ સ્થાપન અને ગ્રહશાંતિ, દરેક જાનના આગમન સવારે ૮.૩૦ કલાકે થયુ હતું. જયારે લગ્નવિધી સવારે ૯.૩૦ કલાકે શરુ થઈ હતી. લગ્નવિધી બાદના સમયે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા આયોજીત સમુહલગ્નોત્સવમાં પધાર્યા હતા.આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રીએ રાજય સરકાર વંચિત -દલિત-પછાત વર્ગોના સર્વાંગી ઉત્થાનને સમર્પિત સરકાર છે. તેવો સ્પષ્ટ મત વ્યકત કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે છેવાડાના અંત્યોદયના વિકાસને હૈયે રાખીને સૌનો સાથ સૌનો વિકાસ ના ધ્યેયને આપણે પાર પાડ્યો છે. ગુજરાતની વૈશ્વિક પ્રગતિ વિકાસમાં આ જ ભાવ સંવાહક બન્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ લગ્ન જીવન બે પરિવારો બે વ્યકિતઓના કાયમી સ્નેહ, સંબંધનું સુદ્રઢ માધ્યમ છે. સમાજ સમસ્તની એકતા-બંધુતાનું પ્રતિક છે તેમ જણાવી ૪૩ નવદંપતિઓને સુખી દામપત્ય જીવનની શુભકામનાઓ પાઠવી હતી. આ સમુહલગ્નોત્સવમાં વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણા, બાબુભાઈ.જ પટેલ, સંસદ શંભુપ્રસાદ ટુંડીયા, તથા અગ્રણી આઈ.કે.જાડેજા સહિત સેનવા રાવત સમાજના આગેવાનો પરિવાર સાથે આ પ્રસંગે હાજર રહ્યા હતા.

આરટીઓમાં કોમ્પ્યુટર સિસ્ટમ ઠપ થતાં નાગરિકો પરેશાન થયા

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ આરટીઓ કચેરીમાં આજે ફરી એકવાર કોમ્પ્યુટર સીસ્ટમ ઠપ્પ થઈ જતાં હજારો નાગરિકો જબરદસ્ત રીતે હેરાન-પરેશાન થઈ ગયા હતા. લાયસન્સ સહિતની કામગીરી માટે નોકરી અને ધંધા-રોજગારમાં રજા પાડી આરટીઓ કચેરી પહોંચેલા લોકોને ધરમધક્કો ખાવો પડયો હતો. ઉનાળાની બળબળતી ગરમીમાં રજા માથે પડતાં અને ફરી એકવાર નવેસરથી કામ માટે ધક્કો ઉભો રહેતાં લોકોએ આરટીઓ તંત્રના અણઘડ વહીવટ અને રેઢિયાળ વ્યવસ્થાતંત્ર પરત્વે ભારોભાર ઉગ્ર આક્રોશ ઠાલવ્યો હતો.

અમદાવાદ આરટીઓમાં આજે વહેલી સવારથી જ કોમ્પ્યુટર સીસ્ટમ ઠપ્પ થઈ ગઈ હતી અને સમગ્ર આરટીઓ કચેરીમાં મોટાભાગનું કામકાજ ખોરવાઈ ગયું હતું. ખાસ કરીને કાચા-પાકા લાયસન્સ, ડુપ્લીકેટ લાયસન્સ, લાયસન્સનું રિન્યુઅલ સહિતની કામગીરી ખોરવાઈ ગઈ હતી. કાચા-પાકા લાયસન્સ માટે એપોઈન્ટમેન્ટ લઈને આવેલા સેંકડો ઉમેદવારોને તો મોટા નિઃસાસા સાથેનો ધરમધક્કો પડયો હતો. કોમ્પ્યુટર સીસ્ટમ જ ઠપ્પ હોવાના કારણે તેઓના લાયસન્સની કામગીરી હાથ ધરી શકાઈ ન હતી અને જવાબદાર અધિકારીઓએ તેમને નવી એપોઈન્ટમેન્ટની તારીખ આપી હતી. સેંકડો ઉમેદવારોએ સર્વર ડાઉન થઈ જવાના આરટીઓ તંત્રના વર્ષો જૂના પ્રોબ્લેમને લઈ ઉગ્ર રોષ ઠાલવ્યો હતો.

નરોડા ગામ રાયોટિંગમાં વધુ ત્રણ સાક્ષીઓની ઉલટતપાસ

અમદાવાદ, તા.૧૫

નરોડા ગામના રાયોટીંગ કેસના ટ્રાયલ દરમ્યાન આજે વધુ ત્રણ સાક્ષીઓની સરતપાસ અને ઉલટતપાસ કરવામાં આવી હતી. આજે ખેડબ્રહ્માના ડોકટર મણિભાઇ પટેલની જુબાની અને ઉલટતપાસમાં એવો મહત્વપૂર્ણ પુરાવો સામે આવ્યો હતો કે, બંધના એલાનના દિવસે તા.૨૮મીએ આરોપી બાબુ બજરંગી ખેડબ્રહ્મા હતા અને તેમને છાતીમાં દુખાવાની ફરિયાદ ઉઠતાં તેમને ડો.મણિભાઇ પટેલની વરદાન હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જયાંથી બીજા દિવસે તા.૧-૩-૨૦૧૭ના રોજ તેમને રજા આપવામાં આવી હતી. સાક્ષીઓની આજની જુબાની અને ઉલટતપાસ દરમ્યાન આરોપીઓ બનાવસ્થળે હાજર ન હતા તે મતલબના તેઓના નિવેદનને સમર્થન પ્રાપ્ત થયું હતું. સ્પેશ્યલ ડેઝીગ્નેટેડ કોર્ટે કેસની વધુ સુનાવણી તા.૧૭મી માર્ચે રાખી હતી. નરોડા ગામના ટ્રાયલમાં આજે ખેડબ્રહ્માના વતની અને ત્યાં વરદાન હોસ્પિટલ ધરાવતા એમ.ડી ડોકટર ડો.મણિભાઇ પટેલે આરોપી બાબુ બજરંગી તરફે જુબાની અને ઉલટતપાસ દરમ્યાન જણાવ્યું હતું કે, તા.૨૮મીએ આરોપી બાબુ બજરંગીને છાતીમાં દુખાવાની ફરિયાદ ઉપડતાં બપોરે ૩-૪૫ વાગ્યે તેમની હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, અગાઉ વશરામ પટેલ નામના સાક્ષીએ પોતાની જુબાની અને ઉલટતપાસમાં સ્પષ્ટ કર્યું હતું કે, તેમના ભત્રીજો કે જે સાબરમતી ટ્રેનમાં કારસેવકો સાથે માર્યો ગયો હતો, તેના મૃતદેહને ખેડબ્રહ્મા પહોંચાડવા બાબુ બજરંગી સહિતના લોકો તેમની સાથે આવ્યા હતા. વશરામ પટેલની જુબાનીને પણ ડો.મણિભાઇ પટેલની વાતથી સમર્થન મળ્યું હતું.

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલના હોદ્દેદારો

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ ૨૦૧૭-૧૯ના ૨ વર્ષ માટે નીચેના હોદ્દેદારોની નિમણુંક થઈ છે. જેમાં પ્રમુખ અજીતભાઈ આર. શાહ (અજીત એડ્સ), ઉપપ્રમુખ પીનલભાઈ એ. શાહ (શાર્પમીડીયા સર્વિસીસ), ઉપપ્રમુખ

પ્રશાંતભાઈ પી. નારેચાણીઆ (વર્ધમાન એડવર્ટાઈઝીંગ), સેક્રેટરી મનીષભાઈ પી. ગાંધી (પી ગૌતમ એન્ડ કુ.) જોઈન્ટ સેક્રેટરી સમીરભાઈ એન. શાહ (આદિશ્વર એડવર્ટાઈઝીંગ), ખજાનચી જગતભાઈ બી. ગાંધી (દિમી એડ્સ) તથા કારોબારી સભ્યો સંદીપભાઈ એન. શાહ (અમોલા એડવર્ટાઈઝીંગ), રાજેન્દ્રભાઈ એસ. સોની (પૂર્ણીમા એડ્સ), હર્ષદભાઈ જે. શાસ્ત્રી (યુનાઈટેડ પબ્લિસીટી), ભદ્રેશભાઈ બી. ગાંધી (ક્રિષ્ણા કોમ્યુનીકેશન), પ્રદિપભાઈ એસ. મહેતા (વૃષ્ટી કોમ્યુનીકેશન), દીપલભાઈ પી. ખત્રી (કુણાલ એડવર્ટાઈઝીંગ), હિરેનભાઈ શાહ (હિરેન એડવર્ટાઈઝીંગ), કેતનભાઈ દેસાઈ (આસ્થા માર્કેટીંગ) સમાવેશ થાય છે.

વિવિધ ૪૦ સેવાઓ દ્વારા સંચાલકોને જંગી કમિશન

રાજયની વાજબી ભાવના દુકાનદારો પ્રત્યે રાજય સરકારનું હંમેશા હકારાત્મક વલણ રહ્યું છે. રાજયની વાજબી ભાવની દુકાન સંચાલકોને પુરતુ આર્થિક ઉપાર્જન મળી રહે અને તેમની આવકમાં વધારો થાય તે હેતુસર રેલવે બુકિંગ, બસના પાસનું બુકિંગ, ઈલેકટ્રીક બિલ કલેકશન જેવી વિવિધ પ્રકારની ૪૦ સેવાઓ ભારત સરકારના કોમ્યુનીકેશન અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ દ્વારા સીએસસી ઈ-ગવર્નન્સ સર્વીસ સાથે સંકલનમાં રહી કેસલેસ તેમજ ડીઝીટલ ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવા મોબાઈલ રીચાર્જ અને બિલ ચુકવણું, રેલવે ઈ-ટીકીટ, એર ટીકીટ, બસ ઈ-ટીકીટ જે પેન્શરો માટે હયાતી પ્રમાણપત્ર, બેન્કમાં આધાર કાર્ડનું સીડીંગ જેવી ૪૦થી વધારે સેવાઓ સામાન્ય પ્રજાના ઉપયોગથી વાજબી ભાવના દુકાન સંચાલકને ૮૦ટકા જેટલું કમિશન મળશે તેમજ વાજબી ભાવની દુકાનોને વ્યવસાયનું મોટુ ક્ષેત્ર પ્રાપ્ત થશે.

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતિ નદીમાં ગેરકાયદેસર રેતી ખનનની પ્રવૃતિ બેરોકટોક ચાલે જ છે તે પ્રવૃતિ નવી નથી. પરંતુ રેત માફિયાઓએ હવે તો માઝા મુકતા ખેડુતોની ખેતી લાયક જમીન પાસે રેત ખનન આરંભી દેતા કિંમતી ખેતીલાયક જમીનોનું ધોવાણ થઈ રહ્યું છે. બે લગામ બનેલા માફિયાઓ અંગે જિલ્લા કલેકટરને પણ રજુઆત કરવા છતા તંત્ર દ્વારા કોઈ પગલા ન ભરાતા ખેડુતોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ રોષની લાગણીને પરિણામે નજીકના ભવિષ્યમાં ખેડુત આંદોલન થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.